**UNITED INTERNATIONAL** ✞ **AMERICAN CHRISTIAN NEWS**

**GUJAJARATI CHRISTIAN SOCIETY** ✞ **અમેરિકન ક્રિશ્ચિયન ન્યૂઝ**

**NEW YORK & NEW JERSEY** ✞ **FOUNDER: Lt. REV. MANUBHAI V. CHRISTIAN**

Phone # (732) 855-0596 ✠ email: jospausa@yahoo.com ✞ **EDITOR: JOSEPH PARMAR**

*(A NOT-FOR-PROFIT ORGANIZATION, Estd. 1988)* ✞ **Issue**-105 **Year**: 34 January-February-2013



**તંત્રીની કલમે આ પત્ર**...2013નું નવું વર્ષ નવી આશા, નવાં અરમાનો, નવી ચેતના અને નવી જાગૃત્તિ સાથે જીવન સાથે જોડાય ગયું છે. સૌને લાગે છે કે, સમાજમાં પરિવર્તનની જરૂર છે. સામાજિક અને કૌટુંબીક મૂલ્યો પ્રસ્થાપિત કરવાની જરૂર છે. દુષ્કૃત્યોને ડામવાની જરૂર છે. કાયદાનું કડક પાલન થવું જોઈએ, તેમ સૌ કહે છે. વિશ્વ ઘણી જ કપરી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે લાગે છે કે, પ્રભુને આવવાનો સમય પાકી ગયો છે! સ્વને તપાસીએ, પરિવારને જાગૃત્ત રાખીએ અને સમાજ અને દેશ પ્રત્યેની ફરજો પ્રમાણિકતાથી બજાવીએ તો કુટુંબ, સમાજ અને દેશમાં શાંતિ આવશે! અને એટલે તો એ શીતળ-શાંત મધરાતે પ્રભુ ઈસુએ-પ્રભુના પુત્ર તરીકે માનવ અવતાર લીધો હતો. કેટલા ઉમંગથી વિશ્વના અબજો લોકોએ પ્રભુ જન્મનાં વધામણાં માણ્યાં! બસ પ્રભુએ ચીંધેલા સત્ય, પ્રેમ, ક્ષમા, શાંતિ, દયા, સમભાવ અને ત્યાગના માર્ગે જીવન જીવવાની સૌએ જરૂર છે. ધન-વૈભવ તરફ આંધળી દોટ મૂકવાની આજના મનુષ્યોની ઘેલછા ક્યાં જઈને અટકશે તે એક અકળ કોયડો છે, ઉકેલ તો આવનાર સમય બતાવશે!

સ્વપ્નોના દેશ એવા યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરીકામાં આવનાર “ઈમિગ્રાન્ટ” અને તેમને બોલાવનાર “પીટીશનર”-સ્પોન્સર” કરનારના સંબંધો અને બંને વચ્ચે થતી ગેરસમજ અને ખટરાગ અને છેવટે ઊભી થતી પરસ્પરની નફરતની ચર્ચાવિચારણા ઘણા વાંચકોની ગમી હોવાના હેવાલો મળ્યા છે. “સ્પોન્સર કરનાર”ની ભાવના અને સ્વીકારેલી કાયદેસરની ચોક્કસ જવાબદારીઓની “નવા ઈમિગ્રાન્ટ” કદર કરી શકતા નથી તે દુ:ખદ બાબત ગણાય. વતનના દેશમાં સુવિધાઓ વધી છે તેથી ‘વતનમાં જ અમેરીકા છે’ તેવું માનનારા “નવા ઈમિગ્રાન્ટ” ભયંકર ગેરસમજ ધરાવે છે! હા, તાજેતરમાં જ ઈન્ડિયાના એક રાજ્યના મુખ્ય પ્રધાને વિધાન કર્યું કે, ‘ગુજરાતમાં થયેલી પ્રગતિ ‘ગુજરાતના “એન આર આઈ”ને આભારી છે’ ગુજરાતમાંથી વિદેશ ગયેલા “એન આર આઈ” દર વર્ષે અબજો રૂપિયા ગુજરાતમાં ઠાલવે છે. “નવા ઈમિગ્રાન્ટ” જાણતા નથી કે, રોજના ૮કલાકની જોબ અને દર કલાક ઉપર મળતા વેતનથી $1.00ના 54-55 રૂપિયા ગણવાથી “નવા ઈમિગ્રાન્ટ” દુ:ખી થાય છે! પણ અમેરીકામાં “અમેરીકાના પ્રમુખશ્રી” જે દૂધ પીવે છે, તેવું જ દૂધ અમેરીકાના દરેક નાગરિકને પણ પીવા મળે છે! ન કોઈ ભેળસેળ ના કોઈ દગાબાજી! અમેરીકામાં જેને કામ નથી કરવું, તેઓ ભૂખમરો વેઠે છે, કે બેઘર બની બેસે છે! સખત પરિશ્રમ કરવાની તૈયારી સાથે જ “નવા ઈમિગ્રાન્ટે” અમેરીકામાં ‘સેટ’ થવું પડશે, અને ત્યારે “નવા ઈમિગ્રાન્ટ” પોતાને “સ્પોન્સર કરનાર”ની સાચે જ કદર સમજશે!

“ગુજરાતી ક્રિશ્ચિયન કોમ્યુનીટી” એકસંપથી સંગઠીત રહેવાની ઉણપ ધરાવે છે. એક જ વિસ્તારમાં સેંકડો ગુજરાતી ખ્રિસ્તીઓ “ક્રિસ્મસ” કે અન્ય પ્રસંગોએ ‘ગેટટુગેધર’ થવામાં ભાગલાવાદી માનસ ધરાવતા હોય છે. જેથી સારા પ્રસંગે યોજાતા કાર્યક્રમોમાં જ્યાં ૫૦૦ ગુજરાતી ખ્રિસ્તીઓ ભેગા થઈ શકે તેમ હોય ત્યાં માંડ ૮૦-૯૦ કે વધુમાં વધુ ૧૦૦ની આસપાસની સંખ્યા જોવા મળે છે. ૨૦ વર્ષથી ન્યુયોર્ક અને ન્યુ જર્સીમાં ચાલતી સંસ્થાઓના યોજાતા જાહેર કાર્યક્રમોમાં હાજરી બાબત આવી પરિસ્થિતિ છે. કોણ આને માટે જવાબદાર છે? સંસ્થાના હોદ્દેદારો, સંસ્થાના કાર્યકરો? સંસ્થાના વહીવટની નીતિરીતિઓ? સંસ્થાના હિસાબો અંગે શંકાકુશંકાઓ? સંસ્થાની એકહથ્થુ સત્તા? સંસ્થાના થતા કાર્યક્રમો અંગે અસંતોષ? સંસ્થાના કાયદેસરના બંધારણમાં જણાતી ખામીઓ કે અન્ય શાં કારણો હશે તેની ખબર પડતી નથી. અમેરીકામાં સ્થીર ગુજરાતી ખ્રિસ્તી કોમ્યુનીટીએ આ બાબતે સજાગ થવાની જરૂર છે.

ફેબ્રુઆરી ૧૩, ૨૦૧૩થી “લેન્ટ સીઝન”- ‘તપઋતુ’ શરૂ થનાર છે આ તપ ઋતુ દરમ્યાનના ૪૦ દિવસના ઉપવાસ, આત્મચિંતન અને પ્રભુ ઈસુના જીવનમાંથી જીવન જીવવાના પાઠ શીખવા માટેના દિવસો છે! સ્વને ઓળખીએ, સ્વને સન્માર્ગે દોરીને પ્રભુએ પસંદ કરેલી પ્રજા તરીકે સાચા ખ્રિસ્તજન બનીએ!

**પ્રભુને મળીએ!**-*ઈલા જોબર્ટ ક્રિશ્ચિયન (Union City, NJ)*

પ્રભુના નામને ધન્યવાદ હો કે તેમણે આપણને ૨૦૧૩ના નવા વર્ષની ભેટ આપી છે. તે સાથે નવા વર્ષમાં અનેક વાનાંની ભેટ પણ આપી છે. એ સર્વ ગણીને પ્રભુનો ઉપકાર માનીએ. પ્રાર્થના સહિત પ્રભુની ગમ આવીએ. ઘણીવાર એવી પરિસ્થિતિ આવે છે કે, આપણે પ્રાર્થનાથી દૂર જતા રહીએ છીએ પણ પ્રાર્થના તો પ્રભુ સાથે સીધો જ વાર્તાલાપ છે. આપણા વિચારો પ્રભુને જણાવીએ. ધીરજથી તેની વાણી સાંભળીએ અને પ્રભુ જે પ્રત્યુત્તર પાઠવશે તેનાથી હર્ષ જ મળશે. આનંદી રહેવા માટે પ્રભુનાં વચનો સાથે લઈએ. માથ્થીની સુવાર્તા ૬ઠ્ઠા અધ્યાયમાં પ્રભુ કહે છે કે, લોકો તમારી નિંદા કરશે, પૂંઠે લાગશે, તમારી વિરુધ્ધ તરેહ તરેહની વાતો અસત્યતાથી કહેશે ત્યારે તમને ધન્ય છે. તમે આનંદ કરો તથા હરખાઓ કેમકે, આકાશમાં તમારો બદલો મોટો છે. તેથી બીજાને દુ:ખી ન કરતા. બીજાના દુ:ખમાં સહભાગી થઈને મદદરૂપ બનીએ, પ્રભુની બીકમાં ચાલીએ. જાગૃત્ત રહીને સભાનપણે નિષ્ઠાથી પ્રભુને ગમતાં કાર્ય કરીએ.

જીવનભર અંધકારમાં અથડાતા આપણે પોતાની જાતને ઓળખવા પ્રયત્ન કરીએ. ગીતશાસ્ત્ર ૧૦-૩:૪ તે નાશમાંથી કાઢી જીવનનો મુગટ આપશે. નવા વર્ષને આનંદથી ઉજવીએ અને દેવની દયાનોઅનુભવ કરીએ.અંતરમનમાં કોલાહલ વચ્ચે શાંતિ માટે પ્રભુને અરજ કરીએ. પ્રભુને ‘શાંતિના સરદાર’ નામ આપવામાં આવ્યું છે. શાંતિના સરદાર પ્રભુએ હોડીમાંથી વાવઝોડાને ધમકાવ્યું ત્યારે ‘મહાશાંતિ’ થઈ, તેમ આપણાં જીવનમાં આવતાં ઝંઝાવાતમાં શાંતિના સરદાર આપણી સાથે જ છે. મુશ્કેલીના અનુભા કરાવી મહાશાંતિ આપે છે. હું તમને મારી શાંતિ આપીને જાઉં છું, જેમ જગત આપે છે તેમ હું આપતો નથી. તમારા હૃદયને વ્યાકુળ થવા ન દો અને બીવા પણ ના દો.

થેસ્સલોનિકાના પત્રમાં પાઉલ વિશ્વાસુ લોકોને જણાવે છે કે, આશા નથી એવાની પેઠે તમે ખેદ ના કરો. ગતવર્ષમાં મુશ્કેલી આવી, નોકરી ગુમાવી, માંદગી આવી, વ્હાલાંઓને ગુમાવ્યાં, એ સમયે પ્રભુ ધીરજથી આપણા ખેદમાં આપણી સાથે રહ્યા. નવી આશા આપી, નવું વર્ષ આપ્યું . દાઉદ ભક્તનો નમૂનો પૂરો પાડ્યો. દરેક પરિસ્થિતિમાં દાઉદ પ્રભુનો મહિમા કરતો. સુખમાં હોય કે પુત્ર કે મિત્રના મરણનું દુ:ખ હોય, હાર કે જીત, બધી જ પરિસ્થિતિમાં પ્રભુને ધન્યવાદ આપતો. પોતાના પાપનું ભાન થતાં પશ્ચાતાપી હૃદય સાથે પ્રભુને પોકારતો, ‘પ્રભુ દયા કરો’ યાચના કરતો. પ્રભુનો પ્રિય માણસ ૧ શમૂએલ ૧૩:૧૨.

નવા વર્ષમાં જીવનની દોડમાં નીડર બની સત્યતાથી આગળ વધીએ. હળીમળીને ચાલીએ, સ્વાર્થ તજી સદભાવ અને સુકૃત્યોથી પ્રભુને માન આપીએ. મીઠી વાણી પ્રભુને ગમે છે. હસતા હસતા પ્રભુ માટે સારું કરીએ. દુ:ખિતોનાં દિલ ઠારી મદદ માટે તૈયાર રહીએ. પ્રભુને નિત્ય મળવાનું ન ચૂકીએ. આભાર સાથે તેનો ઉપકાર માનીએ. તેના માર્ગમાં ચાલવા પ્રયત્ન કરીએ. દયાળુ બની તેના રાજ્યના ભાગીદાર બનીએ. સાદું જીવન અને ઉચ્ચ વિચારો રાખીએ!



**અમેરિકન ક્રિશ્ચિયન ક્રિશ્ચિયન ન્યૂઝ**”, કોમ્યુનીટીના તત્કાલિન અને વિષેશ સમાચારો માટેની **લોકપ્રિય** વેબ સાઈટ: ***jagadishchristian.com*** વાંચો અને ફોર્વર્ડ કરો!

## **નવું વર્ષ મુબારક હો!** –*ઈમુભાઈ ક્રિશ્ચિયન (Whittier CA)*

મિત્રો, Wishing you all A Happy New Year! એક પછી એક વર્ષો આપણે જિંદગીમાં પસાર કરતાં જઈએ છીએ અને હવે ૨૦૧૩ના વર્ષમાં આપણો પ્રવાસ શરૂ કરી દીધો છે. નવાવર્ષની મુબારકબાદી આપતાં આપણે આપણાં વ્હાલાંઓને, મિત્રોને, પડોશીઓને તથા આપણા ખ્રિસ્તી સમાજનાં ભાઈબેનો સાથે "હાથ મિલાવી' તથા "ગલેસે ગલે લગાકર" નવાવર્ષની શુભેચ્છા, આબાદાની વ્યક્ત કરી છે.

આ નવા વર્ષમાં ઈશ્વરનાં આશીર્વાદરૂપી વારસો પ્રાપ્ત કરવાને આગળ ધપી રહ્યાં છીએ. જો કે આ નવું વર્ષ આપણા માટે કેવું હશે,તે તો આપણે જાણતા નથી, પરંતુ જાણીએ છીએ કે, જે **ઈશ્વરે આપણા પૂર્વજોની સાથે "કરાર" કર્યો હતો** કે *"મારી સમક્ષતા તારી સાથે આવશે."*-(નિર્ગમન ૩૩:૧૪) જરૂર તેની હાજરી આપણી સાથે જઈ રહી છે, આમેન! આપણે ગત વર્ષોમાં અનુભવ્યું છે અને હાલ અનુભવતાં જઈએ છીએ કે, તે–આપની સાથે છે જ- પછીને ભલેને ગમે તેવા અનુભવોમાંથી આપણે પસાર થતાં હોઈશું. પરંતુ આપણે હિંમતથી કહી શકીએ છીએ કે, *"યહોવા મારો પાળક છે માટે મારી બધી જરૂરીયાતો પૂરી પાડશે."* (ગીતશાસ્ત્ર ૨૩:૧) એટલુંજ નહિ *"યહોવાહ તને નિત્ય દોરશે. તે સુકવણીની વેળાએ તારો જીવ તૃપ્ત કરશે ને તને નવું બળ આપશે. તું સારી રીતે પાણી પાયેલી વાડીના જેવો ને ઝરાના અખૂટ પાણીના જેવો થઈશ."* (યશાયા ૫૮:૧૧) "માટે, *મારા દીકરા ખ્રિસ્ત ઈસુમાં જે કૃપા છે, તેમાં તું સમર્થ થા."* (તિમોથી ૨:૧) તો આપણે આ નવા વર્ષમાં પ્રભુ પાસે શું માગીએ?

*"તારા વચન પ્રમાણે, મારી પાસે પગલાં ભરાવ અને કોઈપણ અન્યાયને મારા પર ધણીપણું કરવા ન દે."* (ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૩) *"વ્યર્થતામાંથી મારી દૃષ્ટિ ફેરવ, તારા માર્ગ વિષે મને આતુર કર."* (ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૭)

મિત્રો, પ્રભુ આપણને જણાવે છે; *"જુઓ, તમારી આગળ દેશ મૂક્યો છે, તો તેમાં પ્રવેશ કરો... તેનું વતન સંપાદન કરો."* (પુનર્નિયમ ૧૧:૮) <u>અર્થમાં:</u> ઈશ્વરે આપણને એક નવા વર્ષમાં પ્રવેશ આપ્યો છે. હવે તેનો વારસો પ્રાપ્ત કરો અને તેનો આશીર્વાદ સંપાદન કરો! જરૂર આપણે ભવિષ્યનાં અજાણ તો છીએ. પરંતુ જાણીએ છીએ કે "tomorrow never die" આવતી કાલ મરવાની નથી જ, તે તો જાગૃત છે જ. જે સૂર્ય સાંજે ધરતીમાં મળી જાય છે અને બીજી ધરતીમાં ઊગે છે, એજ સૂર્ય પોતાના ગૌરવી પ્રકાશથી પરિભ્રમણ કરીને બીજે દિવસે આપણને આનંદ આપે છે. તેથી આ નવા દિવસ માટે જીવતા દેવને ધન્યવાદની ભેટ અર્પીએ અને કહીએ; હાશ! ઈશ્વરની કૃપાથી આપણે એક નવો દિવસ પામ્યાં છીએ.

મિત્રો, આ સાથે પ્રભુ એમ પણ જણાવે છે, *"જે દેશનો વારસો પામવાને તું પેલે પાર જાય છે, તે ડુંગરવાળો તથા ખીણોવાળો દેશ છે, તે આકાશના વરસાદનું પાણી તે પીએ છે."* (પુનર્નિયમ ૧૧:૧૧) એટલું જ નહિ, એમ પણ જણાવે છે, *"તે દેશ વિષે યહોવા તારો દેવ કાળજી રાખે છે. આખું વર્ષ તેના આરંભથી તે અંત સુધી યહોવા તારા દેવની નજર હંમેશાં તેના પર રહે છે."* (પુનર્નિયમ ૧૧:૧૨) ઈશ્વરકૃપાથી ૨૦૧૩નો વારસો આપણે પામ્યાં છીએ અને જ્યારે ઉપરોક્ત વચનનું મનન કરીએ છીએ ત્યારે સમજી શકીએ છીએ કે,

૧. વર્ષનો પ્રત્યેક દિવસ કદાચીત એકસરખા ન પણ હોઈ શકે. ડુંગરની જેમ ઊંચો અને ખીણની જેમ નીચો, એવા પ્રસંગોનો અનુભવ કરવો પડશે. જીવનની મુસાફરીમાં કઠણ પરિસ્થિતિઓ અનુભવવી પડશે. જીવનમાં Ups and Downs તો આવવાનાં જ, એમાં શંકા નથી. પરંતુ એટલુ તો ખાતરીપૂર્વક જાણીએ છીએ કે, સર્વ પ્રસંગોમાં ઈશ્વર આપણી કાળજી રાખશે.

૨. બીજી એ પણ ખાતરી આપે છે કે, આ ૨૦૧૩ના વર્ષમાં શરૂઆતથી તે અંત સુધી ઈશ્વરની દૃષ્ટિ આપણા ઉપર રહેશે જ. જેમ લખ્યું તેમ *"તારા દેવની નજર હંમેશાં તેના પર રહેશે."*

વ્હાલાં મિત્રો, જેવી રીતે હવામાનમાં ફેરફાર થતો જ જાય છે, તેમ આપણે આપણા જીવનમાં આવતા જુદા જુદા અનુભવો કરવા પડશે. ડુંગરાળ અને ખીણવાળા વિસ્તારને આકાશનું પાણી ભીંજવે છે તેવી જ રીતે પ્રત્યેક સમયમાં ઈશ્વર પોતાનો આશીર્વાદ વરસાવતા જ રહેશે. માટે જેમ વચનમાં જણાવવામાં આવ્યું છે તેમ, જે દેશનો વારસો પામવાને તું પેલે પાર જાય છે, તેમ નવા વર્ષનો વારસો પામવાને જેમ જેમ આગળ વધતા જઈશું તેમાં સારા-નરસા, સુખ-દુ:ખ, સફળતા-નિષ્ફળતાના પ્રસંગોની હારમાળા સતત ચાલુ જ રહેશે. પ્રભુ કહે છે, *"શું મેં તને આજ્ઞા આપી નથી? બળવંત તથા હિંમતવાન થા. ભયભીત ન થા અને ગભરાતો મા. કારણ, જ્યાં કંઈ તું જાય છે ત્યાં તારો દેવ યહોવા તારી સાથે છે."* (યહોશુઆ ૧:૯) પ્રભુ કહે છે, *"વિશ્વાસુ માણસ આશીર્વાદથી ભરપૂર થશે."* (નીતિવચન ૨૮:૨૦) પ્રભુ કહે છે, *"હું પોતે મારાં ઘેટાંનું પોષણ કરીશ ને હું તેમને સુવાડીશ. ખોવાયેલને હું શોધીશ, ને હાંકી મૂકેલાને હું પાછો લાવીશ. ને હાડકું ભાંગી ગયેલાઓને હું પાટો બાંધીશ, ને માંદાને હું સારું કરીશ, પણ દુષ્ટો તથા બળવાનનો હું નાશ કરીશ; હું ન્યાય કરીને તેમનું પોષણ કરીશ."* (હઝકીયેલ ૩૪:૧૫-૧૬) વ્હાલાંઓ, ૨૦૧૩નું વર્ષ આપણા માટે કેવું હશે, તેની ફીકર ના કરો. ઈશ્વરનાં વચનો પર વિશ્વાસ રાખો.

છેલ્લે: *"અનુભવ કરો ને જુઓ કે, યહોવા ઉત્તમ છે."* (ગીતશાસ્ત્ર ૩૪:૮)

નવું વર્ષ સર્વને નવા જીવનનો અનુભવ કરાવે,એ જ પ્રાર્થના! આમેન!

---

## **Bible, the Best Book!** -*રેવ. અનિલ પટેલ, (Brooklyn, NY)*

(ગતાંકથી ચાલુ) ૫. **બાઈબલ નીતિશાસ્ત્ર છે**. બાઈબલે ભલભલાને નીતિનાં દર્શન કરાવ્યાં છે. દાઉદ રાજા, ઉરિયા હિત્તી અને બેથશેબાની વાત: યહોવાહે નાથાન પ્રબોધકને દાઉદ રાજાની પાસે મોકલ્યો. તેણે રાજાને કહ્યું, શ્રીમંત માણસે એક ગરીબની ઘેટી પડાવી લીધી; એ શું નીતિ કહેવાય? દાઉદ રાજાએ પસ્તાવો કર્યો અને ઈશ્વરે તેને માફી આપી. બાઈબલમાં એક સ્થળે આહાબ રાજાએ નાબોથની દ્રાક્ષવાડી પડાવી લીધી. યહોવાહે એલિયા પ્રબોધકને આહાબ પાસે મોકલ્યો. તેણે કહ્યું કે, આ નીતિ નથી, તેં ખૂન કરીને તેનો કબજો મેળવ્યો છે. રાજાએ કબૂલાત કરી અને તેને શિક્ષા થઈ.

૬. **બાઈબલ એ માનસશાસ્ત્ર** છે: તે માણસના મગજની ઓળખ કરાવે છે. થોડાબોલો માણસ શાણો છે... મૂર્ખ હોઠ બંધ રાખે ત્યાં સુધી શાણો છે. (નીતિશાસ્ત્ર ૧૭: ૨૭, ૨૮) સારું માણસ પોતાના મનના ભંડારમાંથી સારું જ કાઢે છે.. પણ મૂર્ખ વ્યક્તિ એનાથી વિપરિત કરે છે. માણસના મગજને બનાવનારે આ ભેદ ખુલ્લો કર્યો છે.

૭. **બાઈબલ અર્થશાસ્ત્ર છે**; બાઈબલ જણાવે છે કે, જે ખોરાક નથી તેને સારુ નાણાં શા માટે ખર્ચો છો? (યશાયા ૫૫: ૨, ૩) તમારા જીવને સારુ ચિંતા ન કરો કે, અમે શું ખાઈશું કે શું પહેરીશું. (લૂક ૧૨: ૨૨, ૨૩) જો માણસ આખું જગત મેળવે પણ તેના આત્માનો નાશ થવાથી તેને શો લાભ? કોઈનું જીવન તેની પુષ્કળ મિલકતમાં રહેલું નથી. (લૂક ૧૨:૧૫) કેવું સરળ અને લાભદાયી અર્થશાસ્ત્ર!

૮. **બાઈબલ નવલકથા છે**: હું તો મારા સ્નેહી વિષે દ્રાક્ષવાડી સંબંધી મારા સ્નેહીનું ગીત ગાઉં: મારા વહાલા મિત્રને રસાળ ટેકરી ઉપર એક સુંદર દ્રાક્ષવાડી હતી. તેમાં તેણેઉત્તમ દ્રાક્ષવેલો રોપ્યો. તેમાં સારી દ્રાક્ષોની ઉપજ થશે, એમ તે માનતો હતો; પણ જંગલી દ્રાક્ષની ઉપજ થઈ. (યશાયા ૫મો અધ્યાય) બાઈબલમાં નવલિકાના રૂપમાં ઈસ્રાયલી પ્રજાની પરિસ્થિતિ બતાવવામાં આવી છે. ગીતોનું ગીતનું પુસ્તક ને રાજા સોલોમનની અને સુબામીની પ્રેમકથા છે. પણ એ તો પ્રભુ ઈસુ અને તેની મંડળીના સંદર્ભમાં વર-કન્યાની પ્રેમકથાના રૂપમાં દર્શાવાયેલી છે. આ પ્રેમકથા ઈશ્વરના અનુપમ પ્રેમનું દર્શન કરાવે છે. "વૉચમેન ની" નામના એક લેખકે એ પુસ્તકની કોમેન્ટ્રી લખેલી છે. સોલોમન જ્ઞાની રાજાએ ૩,૦૦૦ સૂત્રો અને ૧,૦૦૫ ગીતો લખ્યાં છે. તેમાં "ગીતોનું ગીત"ની રચના શ્રેષ્ઠ ગણવામાં આવે છે. મારું આકર્ષણ કર... અમે તારી પાછળ દોડીશું... તથા તારામાં આનંદ કરીશું (ગીતોનું ગીત ૧:૧૪) શું આપણે આપણા તારણના ખડક પ્રભુ ઈસુમાં મગ્ન બનીશું-આનંદ કરીશું?

**અમાપ્ય દાન**: બાઈબલ આવું અદભૂત પુસ્તક આપણને મળ્યું છે, એ તો ખરેખર આપણા પ્રભુની અમાપ્ય ભેટ-દાન છે. તેનો સદુપયોગ કરવો, વાંચન-મનન કરવું અને જીવનમાં ઉતારવાથી પુષ્કળ લાભ, આશીર્વાદો મળતા રહે છે. તે માટે પ્રભુપિતા આપણને સદબુધ્ધિ આપે. હું તારા શાસનોનો શોધનાર છું: માટે હું નિરાંતે જીવીશ. (ગીતશાસ્ત્ર ૧૧૯:૪૫)

પ્રભુ ઈસુ અને પવિત્ર આત્મા એ બેઉ ઈશ્વર તરફથી આપણને મળેલી મહાન ભેટ છે. તદુપરાંત ઈશ્વરનાં જીવંત વચનોનું મનન એટલે દૈનિક 'માન્ના' એ ત્રીજી ભેટ છે. એ સર્વનો સંગ્રહ એટલે બાઈબલ. બાઈબલનું લખાણ પૂરું કરવામાં સોળ સદીઓ થઈ હતી. બાઈબલના છેલ્લા લેખકનો જન્મ થયો તે અગાઉ બાઈબલનો પ્રથમ લેખક ૧૪૫૦ વર્ષ પહેલાં મૃત્યુ પામ્યો હતો. અત્યાર સુધીમાં સંપૂર્ણ બાઈબલનું ભાષાંતર એક હજાર કરતાં વધારે ભાષાઓમાં થયું છે.

**બાઈબલનાં પુસ્તકોની અજાયબી**: બાઈબલ ૬૬ પુસ્તકોનું (કેટલીક માહિતી મુજબ બાઈબલ ૭૩ પુસ્તકોનો 'મહા ગ્રંથ' છે) પુસ્તકાલય છે. છતાં તે *Page 02*

"American Christian news" published since 1988, under "Gujarati Christian Church"
*(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)*

એક જ પુસ્તક તરીકે ગણાય છે. તેનો કોઈપણ બે પુસ્તકો વચ્ચે વિરોધાભાસ જોવા મળતો નથી. બાઈબલને હાથમાં લઈને ફરી શકાય છે. **બાઈબલનો ઉદભવ:** બાઈબલ જૂનામાં જૂનું પુસ્તક છે. **બાઈબલના પુસ્તકોની એકસુત્રતા:** બાઈબલનાં અમુક પુસ્તકોનું એકા જ જગ્યાએ અને એક જ ભાષામાં આલેખન કરવામાં આવ્યું હોવા છતાં તેમાં એકસુત્રતા જોવા મળે છે. પવિત્ર બાઈબલ હિબ્રુ અને ગ્રીક ભાષામાં લખાયેલું છે. બાઈબલની ભાષા કે મોટી અજાયબી છે. તેનાં પુસ્તકોનું આલેખન લગભગ અશિક્ષિત વ્યક્તિઓ દ્વારા કરવામાં આવ્યું હોવા છતાં તેને ઉચ્ચ કોટિનું સાહિત્ય ગણવામાં આવે છે. બાઈબલની રસિકતા એ છે કે, તેનું વાંચન, મનન અને અધ્યયન દરેક દેશના લોકો કરે છે. **બાઈબલનું અસ્તિત્વ:** બાઈબલ એ સૌથી નકારાયેલું પુસ્તક છે. જુદાજુદા સમયના રાજાઓ અને સરકારો દ્વારા તેનો નાશ કરવાના તથા બાળી નાખવાના અનેક પ્રયત્નો થયા હોવા છતાં આજના સમયમાં ઈશ્વરે આપણા માટે અજાયબ રીતે સાચવી રાખ્યું છે. વિશ્વના ઘણા મહાનુભવોએ બાઈબલ પોતાની પાસે રાખ્યું હતું અને હયાત મહાનુભવો પણ બાઈબલને પ્રિયપુસ્તક ગણે છે. **બાઈબલનું વેચાણ:** દુનિયામાં બાઈબલનું સૌથી વધુ વેચાણ થાય છે, તે પણ એક અજાયબી છે.

**બાઈબલના વિવિધ ભાગો ક્યાં ક્યાં લખાયા?**

૧. મિસરના મહેલોમાંઅને રોમના રાજ્યની જેલોમાં,
૨. બેબિલોનના બંદીવાસમાં અને ઈરાનના મંત્રી નિવાસમાં,
૩. અરબસ્તાનના રણ પ્રદેશમાં અને દ્વીપપુંજના પાત્મરુ બેટમાં,
૪. યરૂસાલેમના મહેલમાં અને શિલોહના મંડપમાં,
૫. એશિયા ખંડનાં ગામડાઓમાં અને યુરોપ દેશનાં શહેરોમાં.

આમ વિભિન્ન સ્થળો અને સંજોગોમાં લખાયેલું બાઈબલ કે મહાન ગ્રંથ પહેલાથી છેલ્લા પાન સુધી અનેક વિષયો સંબંધી પ્રકાશ પાડે છે.

મુક્તિદાતા પ્રભુ ઈસુ ખ્રિસ્ત સંબંધી: જૂના કરારમાં ભવિષ્ય કથનોરૂપે અને પૂર્વછાયાઓમાં ગોપિત સ્વરૂપે અને નવા કરારમાં પ્રત્યક્ષ રૂપે એજ પ્રભુ ઈસુ ખ્રિસ્તને ધરવામા6 આવ્યાછે. બાઈબલના લેખકોની બુધ્ધિ, તેઓનું વ્યક્તિત્વ,લેખનશૈલી અને લાગણીઓને કુંઠિત કર્યા વગર ઈશ્વરે આક મહાન લેખકોને વાપર્યા, અને પોતાનું સર્વગ્રાહી, ભૂલચૂકરહિત એવું પ્રકટીકરણ સર્વ માનવજાતના કલ્યાણ અર્થે આપ્યું. આવા બાઈબલનો મહાન પ્રેમાળ ઈશ્વર પિતા મારી-તમારી પાસે કેવી અપેક્ષા રાખે છે! **વાંચો:** મીખાહ ૬:૬, ૮, પ્રકટીકરણ ૨૧: ૫ અને યર્મિયાનો વિલાપ ૩: ૪૦-૪૧.

**બાઈબલ સ્ટડી-નવેમ્બર-ડિસેમ્બર-૨૦૧૨ના સાચા જવાબો:**

**ભાગ ૧.** ૧). પાઉલ, એથેન્સના સદગૃહસ્થોને, ઈશ્વર સંબંધી, પ્રે. કૃ. ૧૭:૨૮
૨). જાંબુઆ વસ્ત્ર વેચનારી લુદીયા, પાઉલ તથા તિમોથીને, પ્ર. કૃ. ૧૬:૧૫
૩). પાઉલ, કરિંથથી મંડળીને. ૧ કરિંથ ૭:૨૩.
૪). પાઉલ, કરિંથથી મંડળીને. કરિંથ ૩:૫.
૫). અલીફાઝ તેમાની, અયુબને. અયુબ ૧૫:૧૪.
૬). દાઉદ, લોકો સમક્ષ. ગીતશાસ્ત્ર ૧૪:૩

**ભાગ ૨.** ૧). યહોશુઆ ૨૪:૨૯,૩૦ તિમનાહ સેરાહ. ૨). ન્યાયાધીશ ૬:૨૪ યહોવાહ શાલોમ. ૩). ન્યાયધીશ ૮:૩૧ અબીમેલેખ. ૪). ન્યાયાધીશ ૨૧:૧૯ શિલોહમાં ૫). ન્યાયાધીશ ૧૭: ૧૨ લેવીયની

**વિજેતાઓ:** ૧). કુમુદિની સોલંકી-કનેક્ટીકટ, ૨). ભાનુ સી. ક્રિસ્ટી-કેલિફોર્નિયા, ૩). રિબેકા ડાયલ-ન્યુયોર્ક. ૪) માગરેટ એમ. ક્રિસ્ટી- ફ્લોરિડા.

સૌ બાઈબલપ્રેમી વિજેતાઓને હાર્દિક અભિનંદન!

**બાઈબલ સ્ટડી-જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૧૩ના પ્રશ્નો: ભાગ ૧.**

**નીચેના પ્રશ્નોના જવાબ માથ્થી, માર્ક, લૂક અને યોહાનની સુવાર્તામાંથી શોધો:**

૧). યોહાન બાપ્તિસ્માનો ઉપદેશ શો હતો? તેનાં વસ્ત્રો કેવાં હતાં? તે શું ખાતો હતો? ૨). માણસ એકલી રોટલીથી નહિ, પણ હરેક શબ્દ જે દેવના મોંમાંથી નીકળે છે તેથી જીવશે. આ વાક્ય કોણ બોલે છે ને કોને સંબોધીને કહે છે?
૩). ઈસુને પરસ્વાધીન કરનારે કઈ નિશાની આપિ હતી? ૪). ક્યાં વાનાં માણસને વટાળે છે? ૫). કોણ બહાર જઈને ખૂબ રડ્યું, રડવાનું કારણ શું હતું?
૬). ઈસુએ સૌથી પહેલો ચમત્કાર કયા ગામમાં, ને શો ચમત્કાર કર્યો? ૭). ઈસુને કયા બાર પ્રેરિતોને પસંદ કર્યા? ૮). આપણામાં કોણ મોટો ગણાય છે, એ બાબતમાં ઈસુએ શું કહ્યું? ૯). યોહાન બાપ્તિસ્માનું મરણ કેવી રીતે થયું?
૧૦). કોઈએ ઈસુને પ્રશ્ન પૂછ્યો, સર્વકાળનું જીવન પામવા હું શું કરું?

**ભાગ ૨. ખાલી જગ્યા પૂરો; ૧).** જે પથ્થરનો નકાર ____, ____, ____, તેજ ____, ____, ____, થયો. **૨).** હું તને કહું છું કે, ___ તારો ___, ___. ___ ચાલ્યો જા. **૩).** કેમકે, જો માણસ ___, ___, ___ને ___, ___, ___ પામે તો ___,___, ___ થાય. **૪).** હું તમને કહુંછું કે, ___ તો ___, ___ આવશે, ___ તો ___ જડશે. **૫).** જે કોઈ પોતાનો ___ ___ પ્રયત્ન કરશે તે ___ ખોશે. **૬).** ઈસુએ તેને કહ્યું કે, ___ તથા ___, ___ છું.

"અમેરીકન ક્રિશ્ચિયન ન્યુઝ"ને મળેલ ઉદાર દાન સાભાર સ્વીકારે છે;
(૧) શ્રીમતી સોનાલીની-$20/ (૨) શ્રીમતી સરોજ નવીન ભગત-$20/ (૩) શ્રી. સુમન ગામડિયા-$20/ (૪) શ્રીમતી અસ્મિતા પરમાર-$10/

* **"ક્રિસ્મસ"ની ઉજવણી :** તા. ૨૩ 23 ડિસેમ્બર ૨૦૧૨ના રોજ બ્રુકલીન, ન્યુયોર્ક ખાતે "ગુજરાત ક્રિશ્ચિયન ફેડરેશન ઓફ અમેરીકા"ના ઉપક્રમે "નાતાલ"ની ભવ્ય ઉજવણી સાંજના ૫ વાગ્યાથી રાતના ૧૧ વાગ્યા સુધી ૧૨૫ના સમૂહે આનંદથી માણી હતી. પ્રેમ, શાંતિ, ક્ષમા, શ્રધ્ધા અને સહકારની ભાવનાના પ્રતીકરૂપે મીણબત્તી પ્રગટાવીને પ્રાર્થના સાથે સમારંભનો આરંભ થયો હતો. ન્યુ જર્સીના ગ્રુપ તરફથી શ્રી જગદીશ ક્રિશ્ચિયનના નિર્દેશનમાં ક્રિસ્મસનાં સમૂહમાં રજૂ કરેલાં ગીતોએ સૌની વાહ વાહ મેળવી હતી. શ્રી. જગદીશ ક્રિશ્ચિયને 'સોલો' ગીત રજૂ કરતાં શ્રોતાઓની દાદ મેળવી હતી. કુ. ક્રિસ્ટીન, સ્ટેફની, સીડની ક્રિશ્ચિયન સાથે ઈરિના લિયોના ડાન્સને દર્શકોએ ઉલ્લાસથી માણ્યો હતો. ગરબાની રમઝટમાં ઘૂમવાની મજા સાથે 'સનેડો'માં ઉત્સાહથી સૌ જોડાયાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી સપના ગાંધીએ ખૂબીપૂર્વક સંભાળીને શ્રોતાઓની ખાસ દાદ મેળવી હતી. પ્રમુખશ્રી તુલસી માયલ અને સંસ્થાના ઉત્સાહી કાર્યકર ભાઈબેનોએ તમામ વ્યવસ્થામાં ઘણો સાથ-સહકાર આપ્યો હતો. સ્વાદિષ્ટ ભોજન માણીને સૌએ વિદાય લીધી હતી.

**નૂતન વર્ષની ઉજવણી:** "ગુજરાતી કેથલિક સમાજ ઓફ યુએસએ"ના નેજા હેઠળ તા. ૫, જાન્યુઆરી, ૨૦૧૩ના રોજ "ન્યુ યર પાર્ટી" યોજવામાં આવી હતી. સેંટ નિકોલસ ચર્ચ, જર્સી સીટીના સ્કૂલ ઓડિટોરિયમમાં સાંજના ૫થી રાતના ૧૧:૩૦ સુધી ૧૧૦થી વધુ દર્શકોએ મનોરંજનની મજા માણી હતી. શાંતિ, એકતા, પરિવાર, પ્રેમ અને આશાના પ્રેરણાત્મક સંદેશરૂપ પાંચ મીણબત્તીઓ પ્રગટાવી, બાઈબલ વાચન અને પ્રાર્થનાથી પાર્ટી આરંભાઈ હતી. પૂર્વપ્રમુખશ્રી. જોસેફ પરમાર અને વર્તમાન પ્રમુખશ્રી. શાંતિલાલ પરમારનું પુષ્પગુચ્છથી બહુમાન કરવામાં આવ્યું હતું. ગાયક વૃંદે અનેક કર્ણપ્રિય મધૂર ગીતો રજૂ કરીને 'નવા વર્ષ'ને આવકાર આપ્યો હતો. *"મંગલ પાવન રાત, શાંતિભરી આ રાત"* ગીત ગાઈને શ્રી. જગદીશ ક્રિશ્ચિયન જાણે સૌને બાળ ઈસુના જન્મ સમયમાં લઈ ગયા હતા. કી બોર્ડ પર શ્રેયસ મેકવાન, ઢોલક પર અમિત મેકવાન, ગિટાર પર રોબીન્સન રાઠોડ, વાયોલીન પર શ્રી. રોબીન ક્રિશ્ચિયને સૂર-તાલમાં સાથ આપ્યો હતો. કુ. ક્રિસ્ટીન ક્રિશ્ચિયન અને રેચલ જખાર્યાએ ડાન્સથી દર્શકોની વાહવાહ મેળવી હતી. બે બાલિકાઓ સલોની અને અલાયના મેકવાને *"મામા સીતા"* ગીત રજૂ કરીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. શ્રીમતી અંજના પરમાર અને કુ. નોએલીના રોયની જોડીએ 'ડાન્સ' રજૂ કરીને તથા કુ. ઈરિના લિયો સાથે કુ. ક્રિસ્ટીન, સ્ટેફની, સીડની ક્રિશ્ચિયને *"ઓ કાંચી"* ફીલ્મી ડાન્સ રજૂ કરીને તથા કુ. ઓલિવિયા પરમારે 'ઠુંમકાભર્યો' ડાન્સ રજૂ કરીને ભરપૂર મનોરંજન પૂરું પાડ્યું હતું. એન્જલ પરમારના 'બ્રેક ડાન્સ'ને સૌએ તાળીઓથી વધાવ્યો હતો. શ્રી રજની મેકવાને પોતાના કેળવાયેલા કંઠે ફીલ્મી ગીતોની હારમાળા રજૂ કરીને દાદ મેળવી હતી. શ્રી અમિત અને પૂર્વી મેકવાને 'ડ્યુએટ'માં *"લૂટે કોઈ મનકા નગર"* ગાઈને સરપ્રાઈઝ આપી હતી. સાઉન્ડ સીસ્ટમ શ્રી રજની-અમિત મેકવાને પૂરી પાડી હતી. પ્રોગ્રામનું સુપેરે સંચાલન ટેલેન્ટેડ શ્રી. કેતન ક્રિશ્ચિયને કર્યું હતું. શ્રી. દિપક અને નીતીન પરમારે હોલ અને ફૂડની વ્યવસ્થા સંભાળીને અમૂલ્ય સહકાર આપ્યો હતો. સ્વાદિષ્ટ ભોજન પીરસવાની વ્યવથા સેવાભાવી ભાઈબેનોએ સંભાળી હતી. ગરબાની 'નોન-સ્ટોપ-રમઝટ'માં સૌ ઉમંગભેર જોડાયાં હતાં. "નૂતન વર્ષ"માં આનંદ અને ઉત્સાહમાં ભેગાં મળવાની પરંપરા સંસ્થા છેલ્લાં બે વર્ષથી ગોઠવે છે, જે સૌ સભાસદોને ગમે છે.

* ગુજરાતી ક્રિશ્ચિયન કોમ્યુનીટીમાંથી પ્રાપ્ત હેવાલો મુજબ યુએસએમાં એક ન્યુયોર્કમાં શ્રી. શ્રેયસ-એડ્રિઅન મેકવાન નવદંપતી, અને યુએસએમાંથી ભારત જઈને



"American Christian news" published since 1988, under "Gujarati Christian Church"
*(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)*

રીલોવ-રીતુ મેકવાન, ન્યુલીન-ઝીનલ દાસ અને જેક્શન-શેરોન ક્રિશ્ચિયન નવદંપતી તરીકે જોડાયાં છે. ચારેય 'કપલ'ને "અમેરીકન ક્રિશ્ચિયન ન્યુઝ" હાર્દિક શુભેચ્છાપાઠવે છે!

નવેમ્બર, ડિસેમ્બર, 2012, જાન્યુઆરી અને **ફેબ્રુઆરી-2013 વિઝા બુલેટીન**

| ફેમિલિ કેટેગરી | નવેમ્બર-12 | ડિસેમ્બર 12 | જાન્યુ-2013 | ફેબ્રુઆરી-2013 |
|---|---|---|---|---|
| **F-1** | 01 Nov-05 | 01 Dec-05 | 22 Dec-05 | **15 Jan-06** |
| **F-2 A** | 15 July-10 | 22 Aug-10 | 22 Sep-10 | **22 Oct-10** |
| **F-2 B** | 08 Oct-04 | 15 Nov-04 | 08 Dec-04 | **15 Jan-05** |
| **F-3** | 01 Jun-02 | 08 Jun-02 | 22 Jun-02 | **08 July-02** |
| **F-4** | 22 Mar-01 | 01 Apr-01 | 08 Apr-01 | **15 Apr-01** |

**પાછળના ત્રણ મહિનાની વિગત એટલા માટે રજૂ કરી છે કે, પાંચેય કેટેગરી દર માસે આગળ વધે છે કે નહિ? વધે છે તો કેટલી તે સમજીને વિઝા માટે અંદાજ કરી શકાય.**

ઉપરોક્ત કોઠા મુજબ **ફેબ્રુઆરી -2013ની વિઝાની વિગત** નીચે મુજબ છેઃ-

**F-1**-અમેરિકન સીટીઝનનાં **અપરણિત સંતાનો** અને તેનાં સગીર સંતાનો-જો હોય તો તેઓ **15 January, 2006** ગયા માસથી **24 દિવસ આગળ** વધી, એટલે આ કેટેગરી ધીમી ગણાય છતાં ગયા માસ કરતાં વધુ દિવસ આગળ વધી.

**નોંધ: (યુએસ સીટીઝનનાં** પતિ/પત્ની અને તેમનાં **21 વર્ષથી ઓછી ઉંમરનાં અપરણિત સંતાન,** માતા/પિતાને **નિકટતમ કુટુંબજન** તરીકે **તત્કાલીન** વિઝા મળે.)

**F-2 A** ગ્રીનકાર્ડધારકનાં પતિ/પત્ની અને **21 વર્ષથી ઓછી ઉંમરનાં અપરણિત** સંતાનો-**22 October, 2010** (ગયા મહિનાથી **30 દિવસ** આગળ ગઈ છે)

**F-2 B**– ગ્રીનકાર્ડધારકનાં પતિ/પત્ની અને **21વર્ષથી વધુ ઉંમરનાં (અપરણિત)** સંતાનો-**15 January, 2005** (ગયા મહિનાથી **38 દિવસ આગળ વધી** છે.)

**F-3**–અમેરિકન સીટીઝનનાં **પરણિત** સંતાનો-**08 July, 2002**
(આ કેટેગરી ગયા મહિનાથી **ફક્ત 16 દિવસ આગળ વધી** જે તદન **ધીમી** છે)

**F-4**–US **સીટીઝનનાં** ભાઈ/બેન, ઓરમાન ભાઈ/બેન-**15 April, 2001**
(ગયા મહિનાથી **ફક્ત 07 દિવસ જ ધીમી વધી છે**, ખરેખર તો અગાઉ જ્યાં હતી, ત્યાંથી હજી **07 મહિના 11 દિવસ પાછળ** જ છે, તેથી હજી **ધીમી** છે)

**આ મહિને બધી કેટેગરી ધીમી છતાં આગળ વધી છે,** ***uscis.gov*** ઉપર મૂકાયેલી છેલ્લામાં છેલ્લી માહિતી આખરી ગણવી. પોતાનાં બ્લડ રીલેશન-લોહીનાં સગાંની ફાઈલ **એપ્રુવલ તારીખે** ક્યારે પહોંચશે, તે વિઝા બુલેટીનથી જાણી શકાય. ઉપરોક્ત માહિતી વાચકોની વિનંતીથી રજૂ કરાય છે, પોતાનાં **સગાંની વિઝા ફી ચૂકવી હોય તો** બીજાં પેપરોની રાહ જોયા વિના **સ્પોન્સરશીપનાં પેપરો યુએસ વિઝા સેન્ટરમાં મોકલી દેવાં** પણ **વિઝાકોલ આવ્યા બાદ સગાંને મોકલવાં** હિતાવહ રહેશે. બધી ફેમિલિ કેટેગરી ચાલુ જ છે, 'બ્લડ રીલેશન'-લોહીના સંબંધે પતિ/પત્ની, ભાઈ/બેન, દીકરા-દીકરી, માતા/પિતાની-બધી જ ફાઈલો ચાલુ જ છે.

**"યુએસ સીટીઝશીપ ગાઈડ"** ઈંગ્લીશ અને ગુજરાતીમાં તૈયાર કરેલી છે. ગાઈડમાં **બીનજરૂરી વાચનબોજ નથી**, તેથી અમેરિકાનાં **50-પચાસે રાજ્યોમાં** ઘણી લોકપ્રિય છે. આ **ગાઈડ** અને **"ન્યુજર્સી ડ્રાઈવિંગ ગાઈડ"** પણ ઈઝલીન, ન્યુ જર્સીમાં "પટેલ વિડિયો", "સંગીત", "બુટાલા એમ્પોરિયમ" (ફ્લશિંગ અને ન્યુયોર્ક) અને "ગુજરાત દર્પણ"ની ઓફિસે તથા **"પટેલ વિડિયો"-જર્સી સીટી**માં મળે છે. આ ગાઈડના ઉપયોગથી **ઈન્ટરવ્યુમાં સહેલાઈથી પાસ થઈ જવાનો વિશ્વાસ** જાગે છે. **$8.00**નો ચેક કે મની ઑર્ડર **Josh Foundation** નામે લખીને **45c**ની **ચાર પોસ્ટ-સ્ટેમ્પ્સ** મૂકી, એક ચિઠ્ઠીમાં નામ, સરનામું અને ફોન નંબર સારા અક્ષરે અંગ્રેજીમાં લખીને-**Josh Foundation, 144 Strawberry Hill Ave, Woodbridge, NJ 07095** સરનામે મોકલવાથી **10**–દસ દિવસમાં આપને મળી જશે. (આ ચેરીટી સંસ્થા હોઈ, ગાઈડની તમામ આવક દાન-ધર્માદા કાર્યોમાં વપરાય છે, જેથી ઉદાર દિલે વધુ રકમનો ચેક લખીને "જોશ ફાઉન્ડેશન"ના સેવાયજ્ઞમાં સહભાગી થશોજી! ઉદારદિલે $11-$100 અને તેથી વધુ દાન મોકલનાર ઉદાર સખાવતીઓનો "જોશ ફાઉન્ડેડેશન" આભાર માને છે!

**From:-AMERICAN CHRISTIAN NEWS**
Community Paper soliciting your Co-operation
**I.D. # 11-2917985 August 28, 1988**

**"Gujarati Christian Church"**
17, Dart Mouth Ave, Avenel, NJ 07001-1804
**Phone # (732) 750-4064**

અને દાતાઓને સુખ, સમૃધ્ધિ અને પ્રગતિ બક્ષે તેવી પ્રભુને પ્રાર્થના કરે છે! ઘણાખરા ઉદાર દિલે $11-$100 અને તેથી વધુ દાન મોકલે છે, તેવા ઉદાર સખાવતીઓનો "જોશ ફાઉન્ડેડેશન" આભાર માને છે! અને દાતાઓને સુખ, સમૃધ્ધિ અને પ્રગતિ બક્ષે તેવી પ્રભુને પ્રાર્થના કરે છે! ("ન્યુ જર્સી ડ્રાઈવિંગ ગાઈડ", જે અંગ્રેજી-ગુજરાતીમાં છે, (જેની ***નવી આવૃત્તિ*** *સુધારા-વધારા સાથે* ***બધાં રાજ્યોમાં ઉપયોગી*** *તેવી* ***પ્રસિધ્ધ થઈ છે.)*** (**ફક્ત** "ન્યુ જર્સી ડ્રાઈવિંગ ગાઈડ"ની બૂક મંગાવવી હોય તો ***$5.00 Ish Krupa*** *નામે ચેક સાથે* ***45cની 3 પોસ્ટ-સ્ટેમ્પ્સ મોકલવી.*** **સવારના 10 પહેલાં** અને સાંજના **7 પછી** ફોન કરવો નહિ. મેસેજ મૂકનારને સામાન્ય રીતે ફોન કરાતો નથી.

* યુએસ ઈમિગ્રેશન ઓથોરીટી તરફથી એક ઉદાર નિયમ તા 4 માર્ચ, 2013થી અમલમાં આવનાર છે; આ નવા કાયદા મુજબ **"અમેરીકન સીટીઝન"નાં 'સ્પાઉસ', સંતાન અને માતાપિતા** કે જેઓ "અમેરીકન સીટીઝન"નાં **'તત્કાલિન સગાં'-immediate relatives-છે** તેઓ અમેરીકામાં "કાયદેસર કાયમી વસાહતી" તરીકે સાથે રહેવા "વિઝા" મેળવવા લાંબી મુદતથી રાહ જોઈ રહ્યા છે, તે મુદત ઘટાડવામાં આવશે. આવાં "અમેરિકન સીટીઝન"નાં નજીકનાં સગાં-'સ્પાઉસ', સંતાન અને માતાપિતા અમેરીકામાં હોવા છતાં "સ્ટેટસ એડજેસ્ટ" કરી શકતાં નથી, કેમકે, તેઓ "ઈલીગલ" થઈ ચૂક્યાં છે. આ પ્રકારનાં **"અમેરિકન સીટીઝન"નાં નજીકનાં સગાં-'સ્પાઉસ', સંતાન અને માતાપિતાને ઉદાર કાયદા હેઠળ ગ્રીનકાર્ડ મળી શકશે.** પરંતું એ માટે તેવાં સગાંએ પોતાના વતનમાં "વિઝા" ઈન્ટરવ્યુ માટે જવાનું રહેશે. આ મુજબની વહીવટી વ્યવસ્થા મુજબ તેઓએ પહેલાં નવું **ફોર્મ I-601A** ભરીને યુયુએસ ઈમિગ્રેશનમાં મોકલવાનું રહેશે. I-601A હજી માર્ચ, 2013માં બહાર પડશે. વધુ માહિતી અને સમજ મેળવવા માટે uscis.gov વેબસાઈટ ઉપર જવું. ઈમિગ્રેશનમાં આવનાર ફેરફારો આશાસ્પદ જણાય છે. હાલમાં ફક્ત કેટલાંક લોભામણાં નિવેદનો બહાર પડે છે, તેને કાયદાનું સ્વરૂપ મળે ત્યારે જ વિગત જાણી શકાય.

* અમેરીકામાં કયદેસર પ્રવેશ મેળવીને અમેરીકામાં વસવાટ કરનાર **"નોન-ઈમિગ્રાન્ટ" સ્ટેટસ ધરાવનાર** અંગે કેટલીક ગેરસમજથી મુશ્કેલી ઊભી થાય છે. કોઈ "નોન-ઈમિગ્રાન્ટ" અમેરીકામાં વસવાટ કરે છે, કોઈ પ્રકારે જોબ કે કમાણી કરે છે, લાયસન્સ ધરાવે છે, સોશિયલ સીક્યોરીટી નંબર ધરાવે છે, વગેરે હોવા છતાં તેવા "નોન-ઈમિગ્રાન્ટ" અમેરીકામાં "કાયમી વસવાટ"નો હક ધરાવતા નથી. નોન-ઈમિગ્રાન્ટ" પોતાનું કોઈ સ્ટેટસ ધરાવતા હોય છે. જે તે **સ્ટેટસ ધરાવતા હોય તે બંધ થવાની મુદત-ચોક્કસ તારીખ હોય છે.** "નોન-ઈમિગ્રાન્ટ"નું સ્ટેટસ બંધ થઈ જાય તે તારીખ પહેલાં પોતાનું સ્ટેટસ લંબાવવા કે વધારવા કાયદેસર કાર્યવાહી કરવી જોઈએ, અથવા અન્ય બીજું કાયદેસરનું સ્ટેટસ બદલાવવા-મેળવવા કાર્યવાહી કરવી પડે. અથવા પોતાનું કાયદેસરનું **"નોન-ઈમિગ્રાન્ટ" સ્ટેટસ પૂરું થાય તે તારીખ પહેલાં પોતે જે દેશનો પાસપોર્ટ ધરાવતા હોય તે દેશમાં પાછા જવું પડે.** હવે આવા **"નોન-ઈમિગ્રાન્ટ" પોતાનું સ્ટેટસ પૂરું થઈ ગયા પછી અમેરીકામાં રોકાય જાય તો તેવી વ્યક્તિ "ઈલીગલ" બની બેસે છે,** કે જેનું અમેરીકામાં કોઈ ભાવિ રહેતું નથી! આ બાબતની ચોખવટ એટલા માટે કરવાની તક લીધી છે કે, કેટલાક "નોન-ઈમિગ્રાન્ટ" સ્ટેટસ ધરાવતા અપરણિત પુરૂષ કે સ્ત્રી , કોઈ "અમેરીકન સીટીઝન" જે મૂળ ભારત કે બાંગ્લાદેશ, શ્રીલંકા, વગેરે કોઈ દેશની હોય અને "અમેરીકન સીટીઝન" હોઈ "નોન-ઈમિગ્રાંટ" સાથે લગ્ન કરે છે. આવાં લગ્ન કદાપી ફક્ત, અને ફક્ત "ગ્રીનકાર્ડ" મેળવવા જ કરતા હોવાથી "અમેરીકન સીટીઝન સ્પાઉસ" લગ્ન કર્યા પછી મુશ્કેલીમાં મૂકાય છે. આવાં "અમેરીકન સીટીઝન સ્પાઉસ"ને કાં તો 'ડિવોર્સ' અપાય છે, અથવા તજી દેવાય છે, અને જીવનમાં મોટી સમસ્યા આવે છે. હમણાંના આવા ઘણા કિસ્સા બનવા લાગ્યા છે. જેથી અમેરીકન સીટીઝને "નોન-ઈમિગ્રાન્ટ" સાથે કાયદેસર સાચેસાચ લગ્ન કર્યા અગાઉ યોગ્ય સાથીદાર હોવાની ખાતરી કરી લેવી.

**To,**



"American Christian news" published since 1988, under "Gujarati Christian Church"
*(A not-For-Profit organization registered under the laws of the State of New Jersey, USA Estd. 1988)*